# ગાંધીનગર આંગણે કિન્નરોનું રાષ્ટ્રીય મહાસંમેલન

## સેક્ટર-૧૫ ફતેપુરા ખાતે શહેરના ઈતિહાસમાં પ્રથમવાર કિન્નર મહાસંમેલનનો આજથી પ્રારંભ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર સેકટર-૧૫ ફતેપુરા ખાતે અખિલ ભારતીય કિન્નર મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં તા.૧૫ થી ૨૯ માર્ચ સુધી ચાલનારા આ સંમેલનમાં ભારતભરમાંથી અંદાજીત ૨૦૦૦ થી વધુ માસીબાઓ ગાંધીનગરના મહેમાન બનશે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરા ખાતે આયોજીત અખિલ ભારતીય કિન્નર મહાસંમેલન અંગે જણાવતા રૂબી માસીએ જણાવ્યું હતું કે માતાજી અને ગાંધીનગર શહેરના નાગરીકોની અસીમકૃપાથી આ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનો મુખ્ય ઉદેશ્ય કે કિન્નર





સમાજના ૭ પેઢીએ દેવ થઈ ગયા હોય તેમના આત્માની શાંતિઅર્થે જમણવાર યોજાશે. આ પ્રસંગે આમંત્રણને માન આપીને આવનાર દરેક માસીબાને ભેટ સ્વરુપે યથાયોગ્ય લ્હાણી આપવામાં આવશે. ભારતભરમાં દરેક જગ્યાએ કિન્નર સમાજ જીવનમાં એકવાર આવું સંમેલન યોજે છે. પંદર દિવસ સુધી ચાલનારા આ સંમેલનમાં પંચ તેમજ પંચાયત બેસશે. કોઈપણ કિન્નરને કોઈ સમસ્યા હોય તેનું નિરાકરણ લાવવા પ્રયાસ કરાશે.

આ ઉપરાંત તા. ૨૨ માર્ચના રોજ સેકટર-૧૫ ફતેપુરાથી ભવ્ય શોભાયાત્રા નીકળશે જે પંચદેવ મંદિર સેકટર-૨૨ ખાતે પહોંચીને કળશપુજા કરીને મંદિરે ચાંદીનું છત્ર ચડાવવામાં આવશે. સમગ્ર ભારતમાંથી આવનારા માસીબાઓને તકલીફ ના પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરના નાગરીકો દ્વારા તહેવારોમાં, કોઈના ઘરના વાસ્તુ પુજન પ્રસંગે, લગ્ન, કે પુત્રપાપ્તિ સહિતના શુભ પ્રસંગે ભેટ સ્વરુપે મળેલ રકમમાંથી આ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૧૫ ફતેપુરા બળીયાદેવ મંદિર સામે આલીશાન શામિયાણો તૈયાર કરાયો છે. જેમાં અખિલ ભારતીય સંમેલનમાં આવનાર તમામ માસીબાઓને રહેવાની તેમજ જમવા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સંમેલનને સફળ બનાવવા માટે ગાંધીનગરના પ્રેમામાસી, મધુમાસી, રૂબીમાસી અને રેખામાસી ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ગાંધીનગર જિલ્લામાં ૧૦૬૮ આંગણવાડીઓ કાર્યરત પૈકી ૯૦૨ આંગણવાડી પાસે પોતાનો મકાનો

ગાંધીનગર જિલ્લામાં ૧૦૬૮ આંગણવાડીઓ કાર્યરત છે. જયારે આ પૈકી ૯૦૨ આંગણવાડી પોતાના મકાનો ધરાવે છે. સાણંદના કરમશી પટેલના પ્રશ્નના ઉત્તરમાં મહીલા અને બાળ કલ્યાણમંત્રીએ લેખિત જવાબમાં આપેલી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં ૧૬૬ આંગણવાડીઓને પોતાના મકાનો નથી. જયારે આ આંગણવાડીઓને મકાન આપવા માટે સરકારે શું પગલા લીધા ? તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૮૬ આંગણવાડી કેન્દ્રોના મકાનોના બાંધકામની કામગીરી ચાલુ છે. તેમજ અન્ય ૮૦ આંગણવાડી



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

કેન્દ્ર માટે જમીન ઉપલબ્ધીના ઠરાવો મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. આંગણવાડીઓન મકાનની સુવિધા ઝડપથી પુરી પાડવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

**ઓવરલોડ વાહનો બદલ ૩૭.૨૯ લાખનો દંડ વસુલાયો**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ઓવરલોડ વાહનોના કિસ્સામાં કેટલો દંડ વસુલવામાં આવ્યો ? દહેગામના ધારાસભ્ય કામિનીબેન રાઠોડના પ્રશ્નના જવાબમાં વાહન વ્યવહાર મંત્રીએ જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં ઓવરલોડ દોડતા વાહનો અન્વયે એક વર્ષમાં દંડ પેટે રૂ ૩૭,૨૯,૧૬૦ વસુલવામાં આવ્યા છે.

**વિકસતી જાતિના ૩૫ છાત્રાલયોમાં ૧૯૨૪ છાત્રો**

ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિના સહાયક અનુદાન મેળવતા છાત્રાલયોની સંખ્યા કેટલી છે ? અને છાત્રાલયોને કેટલો માસિક ભોજન ખર્ચ આપવામાં આવે છે. જેના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં સહાયક અનુદાન મેળવતા વિકસતી જાતિના કુલ ૩૫ છાત્રાલયો છે. જેમાં છાત્રાલયોની સંખ્યા ૧૯૨૪ છે. આ છાત્રાલયોમાં વિદ્યાર્થીદિઠ માસિક ભોજન ખર્ચ પેટે રૂ ૧૫૦૦ ચુકવાય છે. જયારે છેલ્લા બે વર્ષમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજન ખર્ચમાં પણ રૂ ૫૦૦ નો વધારો કરવામાં આવ્યો હોવાનુ પેટા પ્રશ્નના જવાબમાં જણાંવાયુ છે.

**બે વર્ષમાં ૧૭૭ બેરોજગારોએ સરકારી નોકરી મેળવી**

ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૯૫૪૫ બેરોજગારો રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલા છે. જેમાં શિક્ષિત , અર્ધશિક્ષિત અને તાંત્રિક કુશળતા ધરાવતા બેરોજગારોનો સમાવેશ થાય છે. વિરમગામના ધારાસભ્ય તેજશ્રીબેન પટેલે આ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં રોજગાર મંત્રીએ જવાબમાં જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં ૨૧૨૫૮ બેરોજગારોને નોકરી આપવામાં આવી છે. જેમાં ૧૭૭ બેરોજગારોને સરકારી નોકરી, ૧૩૬૬ ને અર્ધસરકારી તેમજ ૧૯૬૮૫ ને ખાનગી નોકરી આપવામાં આવી છે.

**ઇન્દિરા ગાંધી પેન્શન યોજના હેઠળ ૪૯૦ અરજીઓ મંજુર**

ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના

● અનુસંધાન પાના - ૭ પર

# દેશનું પ્રથમ કેપિટલ સ્માર્ટ સિટી બનશે ગાંધીનગર

## ૨૦૭ સીસી ટીવી કેમેરા : ૧૭ હજારથી વધુ એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટ : વિવિધ સર્કલો પબ્લિક એડ્રેસ સિસ્ટમથી સજ્જ

## ૭૦ ટકા વિસ્તાર ઓપન ટુ સ્કાય વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારે ગુજરાતના પાટનગર ગાંધીનગરને દેશના પ્રથમ કેપિટલ સ્માર્ટ સીટી તરીકે પ્રસ્થાપિત કરવા ખાસ આયોજન હાથ ધર્યું છે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અંદાજપત્રની માંગણીનો પ્રત્યુત્તર પાઠવતા જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે દેશના પ્રથમ કેપિટલ સ્માર્ટ સિટી તરીકે ૨૨ કરોડના ખર્ચે ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોના કુલ ૨૦૭ સીસી ટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ૩૦ ટકા વીજળીની બચત માટે પાટનગર ૧૭૦૫૪ જેટલી એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ નાંખવામાં આવી છે.

આ ઉપરાંત પાટનગરના મહત્ત્વના એવા વિવિધ વિસ્તારોને પબ્લિક એડ્રેસ માનવસર્જિત કે કુદરતી હોનારતોમાં નાગરીકોને સંતર્ક કરી શકાય છે. ગાંધીનગર શહેરના સ્વચ્છ રસ્તા ચાર માર્ગી, છ માર્ગી છે જ તો સાથે સાથે પાટનગરનો ૭૦ ટકા વિસ્તાર ઓપન ટુ સ્કાયના ધોરણે વાઈ-ફાઈ સર્વિસ હેઠળ આવરી પોઈન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. ગાંધીનગરમાં પહેલેથી જ ડોર - ટુ - ડોર ગાર્બેજ કલેકશન સિસ્ટમ પ્રસ્થાપિત થયેલી જ છે.

# ગાંધીનગર શહેર ભાજપમાં ચાર ઉપપ્રમુખ અને બે મંત્રી નિમાયા

## ઉરેન પટેલ, અતુલ પટેલ, કીર્તિભાઈ પટેલ અને અમૃત દેસાઈ ઉપપ્રમુખપદે નિમાયા : વસંતભાઈ રાઠોડ અને દેવેન્દ્ર સુખડિયા મંત્રી તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૧૫

ભારતીય જનતા પક્ષના શહેર એકમના સંગઠ્ઠન પાંખની બાકી રહેલ નિમણુંકો આજે જાહેર કરવામાં આવી છે.

શહેર ભાજપ એકમના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ(દાસ)ની એક અખબારી યાદીમાં જણાવાયા મુજબ ૪ ઉપપ્રમુખ અને બે મંત્રીઓની નિમણુંક કરવામાં આવી છે.

૪ નવા વરાયેલા ઉપપ્રમુખોમાં અતુલ પટેલ જે અગાઉ મંત્રી તરીકે ફરજો બજાવતા હતા તેમને ઉપપ્રમુખ પદ આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત યુવા મોરચાના પૂર્વ પ્રમુખ ઉરેન પટેલ, કીર્તિભાઈ પટેલ અને અમૃતભાઈ દેસાઈને ઉપપ્રમુખ તરીકે નિમણુંક આપવામાં આવેલ છે.

મંત્રી તરીકે વસંતભાઈ રાઠોડ અને દેવેન્દ્રભાઈ સુખડિયાને નિમણુંક આપવામાં આવી છે. મહાનગરના સંગઠ્ઠનના પ્રભારી રમીલાબેન બારા અને ઉત્તર ઝોનના પ્રભારી કે.સી. પટેલની સૂચના અનુસાર આ નિમણુંકો અપાઈ હોવાનું પણ અખબારી યાદીમાં જણાવાયુ છે.

શહેર સંગઠ્ઠનનું હવે માળખુ પૂર્ણ રચાઈ જવા પામેલ છે. જો કે હવે સંગઠ્ઠનની અન્ય પાંખોની પણ નવી રચના ટૂંકમાં જ કરવામાં આવશે તેમ સંગઠ્ઠનના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સંગઠ્ઠન પાંખ દ્વારા આગામી દિવસોમાં પક્ષના સંગઠ્ઠનને વધુ મજબુત બનાવવા માટેના વિશેષ કાર્યક્રમો પણ ટુંકમાં જ જાહેર કરાશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

### કરાર આધારિત કર્મચારીઓએ આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૧૫

૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓએ આજે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીને મળી એક આવેદનપત્ર આપ્યુ છે. આ કર્મચારીઓના રાજ્ય વ્યાપી સંગઠ્ઠને આપેલા એલાનને પગલે સાંજે આ કર્મચારીઓ વિકાસ અધિકારીને રૂબરૂ મળી આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં તેમના પ્રોવિડન્ટ ફંડની કપાત તેમજ રક્ષણ વિશેની રજુઆતો કરવામાં આવી છે.

